સુવિચાર : મારામાં રહેલી ક્ષમતાઓને જે ઉજાગર કરે છે એ જ મારો સૌથી શ્રેષ્ઠ મિત્ર છે - હેન્રી ફોર્ડ

તાપમાન
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૮૫ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૮૯ | ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૫, શનિવાર ; ભાદરવા સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- નેતાજી સુભાષચંદ્ર સાથે સંબંધિત ૬૪ ફાઈલ અંતે જાહેર કરાઈ
- હવે ૪૫ સ્ટેશનો પર ઇ-કેટેરિંગની સુવિધા સ્થાપિત કરવા હિલચાલ
- રેલવેએ પાંચ મહિનામાં ૧૫ કરોડ યાત્રીઓ ગુમાવી દીધા
- ખાદ્ય તેલની આયાતનુ બિલ ૧૪ અબજ ડોલર સુધી પહોંચી શકે
- કઠોળનુ ઉત્પાદન છેલ્લા ૫૮ વર્ષથી સતત વધી શક્યુ નથી
- સેન્સેક્સ ૨૫૫ પોઈન્ટ સુધરીને ૨૬૨૧૯ની ઊંચી સપાટી ઉપર
- હવાઈ પ્રદૂષણથી દિલ્હીમાં મોત આંકડો સૌથી વધુ હશે : અભ્યાસમાં ચેતવણી
- ડેન્ગ્યુની સામે સાથે મળી લડવું જરૂરી : કેજરીવાલ
- નરેન્દ્ર મોદીની લોકપ્રિયતામાં હજુ સતત વધારો : અહેવાલ

# રાજ્યભરમાં ભરભાદરવે અષાઢી મેઘ

## રાજ્યના જુદા-જુદા ભાગોમાં એકથી ચાર ઈંચ વરસાદ પડ્યો : વલસાડમાં સૌથી વધુ ૪ ઈંચથી પણ વધુ વરસાદ ખાબક્યો : ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત તેમજ મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદ

અમદાવાદ, તા.૧૮ વિદર્ભ પર ડિપ ડિપ્રેશન અને દક્ષિણ છત્તીસગઢના આસપાસના વિસ્તારોમાં ડિપ્રેશનની સ્થિતિના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં ભારે વરસાદની ચેતવણી યથાવત રહી છે. ચેતવણી વચ્ચે આજે વરસાદનો દોર જારી રહ્યો હતો. ગુજરાતના વિવિધ ભાગોમાં ભારે વરસાદ થયો હતો. સૌરાષ્ટ્ર સિવાય મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ થયો હતો. ગુજરાતના વિવિધ ભાગોમાં એકથી લઈને ૪ ઈંચ સુધીનો વરસાદ પડી ગયો હતો. મધ્ય ગુજરાતની વાત કરવામાં આવે તો સાંવલીમાં પોણા ઈંચ, પારડીમાં બે ઈંચ, ખંભાતમાં એક ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. આવી જ રીતે ઉત્તરગુજરાતમાં પણ સારો વરસાદ નોંધાયો હતો. અરવલ્લીમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. મોડાસામાં પણ બે ઈંચથી વધુ વરસાદ થયો હતો.

રાજ્યના જે વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો તેમાં વલસાડમાં ૪ ઈંચનો સમાવેશ થાય છે. કપરાડામાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો. મેઘરજમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો.વ્યારામાં બે ઈંચ અને ધર્મપુરમાં બે ઈંચ જેટલો વરસાદ થયો હતો. દક્ષિણ ગુજરાતમાં નિઝર ખાતે ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો. ઉચ્છલમાં ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત સોનગઢમાં પણ ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. ભારે વરસાદના કારણે ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. મોનસુન સીઝન પૂર્ણ થવા આવી છે ત્યારે રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદની શરૂઆત થઈ છે. ભારે વરસાદનો દોર હજુ

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં ધોધમાર વરસાદ



(તસવીર : દિપક જાની)

## બપોર બાદ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો ગાજવીજ સાથે વરસાદ વરસતા સેકટરોમાં પાણી ભરાયા

ગાંધીનગર તા ૧૮ શહેરમાં આજે બે મહીનાના અંતે મેઘરાજાએ ડોકીયુ કરતા વાતાવરણ ખુશનુમા બની ગયુ હતુ. બપોર બાદ અચાનક જ આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. જયારે વરસાદી વાયરા સાથે મેઘરાજાની પધરામણી થઈ હતી.વાદળ ગર્જના સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો.ગત જુલાઈમાં તોફોની વરસાદ બાદ મેઘરાજા અદશ્ય થઈ જતા વાતાવરણમાં લાંબા સમયથી અસહ્ય ઉકળાટ પ્રવર્તયો છે. જો કે વાતાવરણ પલ્ટાના અંતે મેઘમહેર થતા નાગરિકોએ રાહત અનુભવી હતી. લાંબા વિરામ બાદ વરસાદ વરસતા ખેડુતો પણ ગેલમાં આવી ગયા હતા.

ચોમાસા દરમિયાન મેઘરાજા અદશ્ય થઈ જતા ખેડુતો સહિત આમ નાગરિકોમાં પણ ચિંતાનુ મોજુ પ્રવર્તયુ હતુ. ગત જુલાઈ મહિનામાં તોફાની વરસાદના લીધે હરિયાળીનો સોથ વળી ગયો હતો.જયારે છેલ્લા બે મહીનાથી મેઘરાજાએ વિરામ લેતા વાતાવરણમાં પણ ગરમીનુ સામ્રાજય છવાયુ હતુ. શ્રાવણમાં પણ સરવરિયા ન વરસતા સૌ કોઈએ વરસાદની આશ ગુમાવી દીધી હતી. બીજીતરફ ભાદરવાના પ્રારંભથી જ વાતાવરણમાં અસહ્ય ગરમીનુ મોજુ ફરી વળતા નાગરિકો આકરા તાપથી બેબાકળા બની ગયા હતા.ગરમીનો પારો પણ૩૭ ડીગ્રી સુધી પહોંચી જતા

● અનુસંધાન પાન-૭ પર

## દ્વારકા દરિયાકાંઠે ભારતીય બોટ પર પાકનો ગોળીબાર

અમદાવાદ,તા.૧૮ પાકિસ્તાન દ્વારા વધુ એક ઉશ્કેરણીજનક કૃત્ય કરવામાં આવ્યું છે. ગુજરાતના દ્વારકાના દરિયાકાંઠે બે ભારતીય બોટ ઉપર પાકિસ્તાની છ ભારતીય માછીમારો હતો. આ બોટ ૮મી સપ્ટેમ્બરના દિવસે ઓખાથી દરિયામાં હતી. મૃતક ભારતીય માછીમારની ઓળખ કરી લેવામાં આવી છે. તે ભટ્ટી ઈકબાલ

### ગુજરાતના એક માછીમારનું મોત : બે બોટ ઉપર પાકિસ્તાનની નૌકા સેના દ્વારા ઉશ્કેરણીજનક કૃત્ય કરી ગોળીબાર : પાકના ગોળીબારથી ભારત નારાજ

નૌકા દ્વારા ગોળીબાર કરવામાં આવ્યા બાદ એક ભારતીય માછીમારનું મોત થયું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, પાકિસ્તાની નૌકા સેનાના જવાનોએ પ્રેમરાજ અને રામરાજ નામની ભારતીય બોટ ઉપર ગોળીબાર કર્યો હતો જેમાં પાંચથી અબ્દુલ તરીકે ઓળખાયો છે, જે ઓખાનો નિવાસી હોવાનું જાણવા મળ્યું છે.

પાકિસ્તાન દ્વારા બિન ઉશ્કેરણીજનક રીતે કરવામાં આવેલા ગોળીબારમાં એક ભારતીય માછીમારનું મોત થતાં તંગદીલી વધવાના સંકેત દેખાઈ રહ્યા છે.

# તરણેતરના મેળામાં આનંદીબેન જોડાયા

અમદાવાદ, તા.૧૮ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાતની મોડેલરૂપ વૈશ્વિક વિકાસયાત્રાને કોઈ બટ્ટો-કાળી ટીલી ન લાગે તે માટે સમાજ સમસ્ત સાથે મળી એક બની નેક બની સૌહાર્દ ભાવે કાર્યરત રહે તેવું પ્રેરક આહવાન કર્યું છે.તેમણે કહ્યું કે, પરંપરાગત લોકમેળાઓ ભાતીગળ ઉત્સવોની ઉમંગ ઉજવણીમાં રંગેચંગે જોડાતો જનસમૂહ સમાજ વર્ગો આવા જ બંધુત્વના ભાવ સાથે રાજયની અવિરત વિકાસયાત્રામાં સમાનતાથી જોડાય તે આવશ્યક છે. મુખ્ય મંત્રીએ ઋષિપંચમીના પુનિત અવસરે સુરેન્દ્રનગર વિશ્વખ્યાત પ્રવાસન તીર્થ તરણેતર ત્રિનેત્રેશ્વરના મેળામાં યોજાયેલી ગ્રામીણ એલિમ્પીક તથા પશુ સ્પર્ધાઓ સહિત વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામોથી નવાજયા હતા. તેમણે ત્રિનેત્રેશ્વર મહાદેવની પૂજા અર્ચના પણ આ પ્રસંગે કરી હતી.

મુખ્યમંત્રીએ લોકમેળાઓ માણવા આવતા દેશ-વિદેશી પ્રવાસન પ્રેમીઓની સગવડતા વૃદ્ધિ માટે યાત્રિક સુવિધાની કાયમી વ્યવસ્થાઓ પ્રવાસધામોમાં ઉભી કરવાની દિશાના પરિણામકારી પ્રયાસોની છણાવટ કરી હતી. તેમણે ગ્રામીણ હસ્તકલા અને પરંપરાગત કારીગરીના ઉત્પાદનોને શહેરોમાં તેમજ દેશ-વિદેશમાં વ્યાપક બજાર મળી રહે તે માટે માર્કેટીંગ નેટવર્ક અને શહેરોમાં આવી ચીજવસ્તુઓના વેચાણ માટે અલાયદી વ્યવસ્થાઓ સખી મંડળોના સહયોગમાં શરૂ કરવાની નેમ દર્શાવી હતી. ગ્રામ વિકાસ મંત્રી જયંતિભાઈ કવાડીયાએ કહ્યું હતું કેમેળો એ આપણી સંસ્કૃતિ છે. થાનનું સેવાસદન આઠ કરોડના ખર્ચે બની ગયું છે અને તાલુકા પંચાયતનું મકાન બની રહ્યું છે.























